PARKINSON'S UK

CHANGE ATTITUDES. FIND A CURE. JOIN US.

પાર્કિનસન્સનો ઝડપી પરિચય

A quick introduction to Parkinson's

Gujarati

લોગાન અને તારિક

જો તમારું અથવા જાણીતી કોઈ એક વ્યક્તિનું હમણાંજ નિદાન કરવામાં આવ્યુ હોય તો, ઘાણુ કરીને તમને ઘણા બધા પ્રશ્નો હોઈ શકે, અને કદાચ થોડીક ફિકર- ચિંતા પણ થઈ શકે. આવા વખતે, પાર્કિનસન્સ યૂકે ઉપલબ્ધ બને છે.

અમે યૂકેસ (UK's) પાર્કિનસન્સને સપોર્ટ (મદદ કરનાર) અને રિસર્ચ કે સંશોધન કરનાર સખાવત (ચેરિટિ) છીએ. પાર્કિનસન્સની અસરવાળા દરેકેદરેક માટે કોઈ ઈલાજ કે ઉપાય શોધી અને જીવનમાં સુધારો લાવવા માટે વચનબધ્ધ છીએ. અમે શ્રેણીબધ્ધ માહિતી અને સપોર્ટ (ટેકો) પૂરો પાડીએ છીએ, કે જેમાં નિષ્ણાત (એકસપર્ટ) સ્ટાફ અને નર્સીસ, મફત ખાનગી હેલ્પલાઈન, અમારી વેબસાઈટ અને 360 કરતાં પણ વધારે સ્થાનિક જૂથોનો (લોકલ ગ્રૂપ્સ) સમાવેશ થાય છે.

પાર્કિનસન્સ એ ચેપી નથી, અને ઘણુ કરીને તે કુટુંબ – પરિવારમાં ચાલ્યો આવતો નથી. મોટા ભાગના લોકો માટે, પાર્કિનસન્સ તેઓના જીવનના આયુષ્યને અસર કરતો નથી. શા માટે લોકોને પાર્કિનસન્સ થાય છે તે અમે હજી સુધી સમજી શકતા નથી.

તેના લક્ષણો કે ચિહ્નોવાળી કોઈ એક વ્યક્તિ અને કેટલી જલદીથી આવી પરિસ્થિતિ આગળ વધતી હોય છે તે એક વ્યકતિથી માંડીને બીજી વ્યક્તિ માટે જુદી હોય છે. જોકે હાલમાં કોઈ ઈલાજ કે ઉપાય નથી, છતાં પણ, શ્રેણીબધ્ધ દવાઓ અને સારવાર મળી રહે છે કે જે આમાંના ઘણા લક્ષણોનો પ્રબંધ કરે છે.

સોનિયા

દરેક 500 લોકોમાં આશરે એકને પાર્કિનસન્સ હોય છે. યૂકેમાં આથી આશરે 127,000 લોકોને છે. પાર્કિનસન્સ થતા મોટા ભાગના લોકો 50 અથવા તેનાથી મોટી ઉંમરના હોય છે, પણ નાની ઉંમરના લોકોને પણ પાર્કિનસન્સ થઈ શકે.

મોટા ભાગના લોકોનું નિદાન 55 - 74 વર્ષની વચ્ચે થતું હોય છે, અને 20 લોકોમાંના એકનું નિદાન 40 વર્ષની વયની હેઠળનું હોય છે.



લોકોને પાર્કિનસન્સ થાય છે કારણકે તેઓના મગજમાં રહેલ થોડાંક જ્ઞાનતંતુના કોષ (નર્વ સેલ્સ) કે જે રાસાયણિક નામનું ડોપામાઈન બનાવતુ હોય તે નાશ પામ્યા હોય. ડોપામાઈનની ઊણપનો અર્થ એવો થાય કે લોકોને હાલચાલ કાબૂ રાખવામાં ખૂબજ મુશ્કેલી થઈ શકે.

પાર્કિનસન્સથી થોડાંક લોકોના હાથ અને શરીર ધ્રૂજવા માંડે. આથી દરરોજ કરવામાં આવતી પવૃતિઓ, જેમકે ખાવાનું, કપડા પહેરવામાં અથવા ફોન અથવા કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી શકે અથવા નિરાશ બનાવી શકે.

કોલોમડોર, સુહાગ અને ખદીજા

પાર્કિનસન્સવાળા લોકોને છૂટથી હરવાફરવાનું મુશ્કેલ બની શકે અને સ્નાયુઓ ઘણીવખત સજ્જડ થઈ શકે. કોઈકવખત ફરતા તે એકાએક ‘ઠંડા કે સ્થિર’ થઈ શકે - તેઓના પગ જાણે કાદવમાં ચોંટી કે અટકી પડયા હોય તેવું લાગે અને તેઓ ફરી શકે નહિ. બાહુ અને હાથ પણ ‘ઠરી’ જઈ શકે, જાણે શું કરવું તે તેઓ ભૂલી ગયા હોય.

અને પાર્કિનસન્સ કેવળ હરવાફરવાને અસર કરતુ હોય તેવું નથી. દરદ કે વેદના, ડિપ્રેશન અને યાદશક્તિને લગતી સમસ્યાઓ અને સંયમીપણાની પણ આવી પરિસ્થિતિવાળા લોકોને તેઓના રોજ-બ-રોજના જીવન ઉપર ખૂબજ અસર કરી શકે.

રોગના લક્ષણો કે ચિહ્નોનો પ્રબંધ કરવા મદદરૂપ બનવા શ્રેણીબધ્ધ દવાઓ મળી રહે છે. જયારે કોઈ એક વ્યક્તિને એક દવાથી મદદ મળી શકે ત્યારે તે બીજાઓ માટે કામ ન કરી શકે. થોડાંક લોકોને મોટી દવાના માત્રાની અથવા દવાઓના મિશ્રણની જરૂર જણાય – ત્યારે બીજાઓને થોડીક માત્રામાં પણ વધારે વારંવાર લેવાની જરૂર પડે.

સમય જતાં, લોકોને કદાચ તેઓની દવામાં ફેરફાર કરવાની જરૂર પડે. થોડાંક લોકો માટે શસ્ત્રક્રિયા કે સર્જરિ કોઈ એક વિકલ્પ બની શકે કે જેનો આધાર તેઓના લક્ષણો ઉપર હોય છે. ફિઝિઓથેરપિ, સ્પીચ એન્ડ લેંગ્વેજ (વાચા- વાણી) અને ઓક્યુપેશનલ થેરપિ (ઉપચાર) પણ મદદરૂપ બની શકે.

કોઈ એક વ્યક્તિને પાર્કિનસન્સ કેવી રીતે અસર કરે છે તે રોજ-બ-રોજથી જુદુ હોઈ શકે, અને કલાકથી માંડીને કલાક સુધી પણ – જે લક્ષણો એક દિવસ જોવામાં આવ્યા હોય તે કદાચ બીજા દિવસે સમસ્યારૂપ ન પણ હોઈ શકે.

જોકે અમુક સમયે જીવન મુશ્કેલ બની શકે, છતાં પણ પાર્કિનસન્સવાળા ઘણા લોકો પ્રવૃતિમય અને પૂર્ણ જીવન જીવવાનું ચાલુ રાખતા હોય છે.

જો આપનું હમણાં જ નિદાન થયું હોય અથવા વધુ માહિતી જાણવા માંગતા હો તો અમારી પુસ્તિકાઓ *પાર્કિન્સન્સ અને આપ*, *પાર્કિન્સન્સ સાથે જીવવું* અથવા *કાળજીદાતાની માર્ગદર્શિકા* જુઓ.

મંગાવવા માટે **parkinsons.org.uk/publications**ની મુલાકાત લો, **0845 121 2354** પર કૉલ કરો અથવા **resources@parkinsons.org.uk** પર ઈમેઈલ કરો

parkinsons.org.uk ની મુલાકાત લો અથવા **0808 800 0303** ઉપર ફોન કરો, અમારા તરફથી ઓફર કરવામાં આવતી માહિતી અને સપોર્ટ વિષે વધારે જાણવા ઈન્ટરપ્રિટીંગ સેવા મળી રહેશે, – કે જેમાં અમારા સમગ્ર યૂકેની માહિતી અને સપોર્ટ વર્કરસ અને લોકલ ગ્રૂપ્સના (સ્થાનિક જૂથો) નેટવર્કનો સમાવેશ હોય.

યૂકેમાં દર કલાકે, કોઈ એક વ્યક્તિને કહેવામાં આવે છે કે તેઓને પાર્કિનસન્સ થયો છે. અમે અહીંયા હોવાના કારણે, કોઈ પણ વ્યક્તિને પાર્કિનસન્સનો એકલા સામનો કરવાનો હોતો નથી.

અમારા લોકલ ગ્રૂપ્સના નેટવર્ક, વેબસાઈટ અને મફત ખાનગી કે ગોપનીય (કોન્ફિડેન્શ્યલ) હેલ્પલાઈન મારફતે, અમે પાર્કિનસન્સવાળા લોકો, તેઓના કેરર્સ અને કુટુંબ –પરિવારને સાથે ભેગા લાવીએ છીએ. પાર્કિનસન્સના દરેક પાસાંઓ ઉપર સ્પેશ્યલીસ્ટ નર્સીસ, અમારા સપોર્ટર્સ અને સ્ટાફ માહિતી અને તાલીમ (ટ્રેઈનીંગ) પૂરી પાડે છે.

યૂકેની પાર્કિનસન્સ સપોર્ટ અને રિસર્ચ કે સંશોધન કરનાર સખાવત તરીકે, અમે ઈલાજ શોધવા માટેનું કાર્ય કરવામાં આગળ પડતા છીએ, અને પહેલાં કરતાં વધારે નજીક આવી રહયા છીએ. અમે વલણમાં ફેરફાર કરવાની પણ ઝુંબેશ કરી રહયા છીએ અને વધારે સારી સેવાઓની માંગણી કરીએ છીએ.

અમારા કાર્યનો પૂરેપૂરો આધાર દાન (ડોનેસન) ઉપર છે. ઈલાજ – ઉપાય શોધવામાં અને પાર્કિનસન્સની અસરવાળા દરેકેદરેકના જીવનમાં સુધારો કરવા અમને મદદરૂપ બનો.

પાર્કિનસન્સ યૂકે (Parkinson's UK)

મફત* ખાનગી હેલ્પલાઈન **0808 800 0303**
ટેક્સ્ટ રિલે **18001 0808 800 0303**
સોમવાર થી શુક્રવાર સવારના 9– રાતના 8
શનિવાર, સવારના 10 – થી બપોરના 2. ઈન્ટરપ્રિટીંગ મળી રહે છે

* યૂકે (UK) લેન્ડલાઈન્સ અને મોટા ભાગના મબાઈલ નેટવર્કસમાંથી ફોન મફત થાય છે.

parkinsons.org.uk
hello@parkinsons.org.uk

છેલ્લુ અધતન એપ્રિલ 2012. હવે પછીનું અધતન એપ્રિલ 2014 માં મળી રહેશે.
L001G

This resource is supported by The Medtronic Foundation and we are grateful for their generous gift. Our supporters don't have any input into the content of our publications.

આ સંસાધનને મેડ્ટ્રોનિક ફાઉન્ડેશનની સહાયતા પ્રાપ્ત છે અને તેમની ઉદાર ભેટ માટે અમે આભારી છીએ. અમારા પ્રકાશનોની સામગ્રીમાં અમારા સહાયકોના કોઈ સચૂ નો હોતા નથી.

© પાર્કિનસનેસ યૂકે, માર્ચ 2012, યુનાઈટેડ કિંગ્ડમની પાર્કિનસન્સ ડિઝીઝ સોસાયટીનુ. સંચાલન કરવામાં આવતુ નામ પાર્કિનસન્સ યૂકે છે. ઈંગ્લેન્ડ અને વેલ્સમાં (258197) અને સ્કોટલેન્ડમાં (SC037554) રજિસ્ટર્ડ થયેલ સખાવત છે.